**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૨/૦૪/૨૦૧૮ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૭૦૩/૧૮**

**પાલડી પોલીસ સ્ટેશન :**

મે.પોલીસ કમિશ્નર સા શ્રી તથા જોઈન્ટ પોલીસ કમિશ્નર સેક્ટર-1 સા શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-7 સા શ્રી નાઓએ મિલ્કત સબંધી ગુન્હાઓ તેમજ અનડીટેક્ટ ગુન્હાઓ શોધવા આપેલ સુચના અન્વયે મે મદદનીશ પોલીસ કમિશ્નર "એન" ડિવીઝન સા શ્રી તથા પો.ઈન્સ શ્રી બી.એસ.રબારી નાઓના માર્ગદર્શન હેઠળ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તેમજ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા સુચનાઓ આપેલ જે સુચના મુજબ પો.સ.ઈ શ્રી આર.પી.ભરવાડ તથા સાથેના સ્ટાફના માણસો સાથે અંજલી ચાર રસ્તા પાસે બાતમી હકીકત આધારે મોહંમદ યુસુફ નુરમોહંમદ રંગરેજ ઉ.વ.૨૭ ધંધો- રીક્ષા ડ્રાઇવિંગ રહે: મ.નં. 22 નજરે ઇલાહી સોસાયટી આઇસા મસ્જીદની પાછળ અ.વાદ શહેર નાઓ પાસેથી (1) વીવો કંપનીનો 1610 મોડલનો કિં.રૂ. 8,000/- તથા (2) ઓપો કંપનીનો મોબાઈલ એ37 એફ મોડલનો ગોલ્ડન કલરનો કિં.રૂ. 6,000/- (3) YU YUPHORIA કંપનીનો મોબાઈલ YU5010A મોડલનો કાળા કલરનો કિંમત રૂ. 3,000/- નો ગણી સી.આર.પી.સી કલમ 102 મુજબ કુલ્લે કિં.રૂ. 17,000/- મત્તાનો મુદ્દામાલ કબજે લઈ સી.આર.પી.સી 41(1)(ડી) મુજબ પકડી અટક કરી સદરી આરોપી પાસેથી મળેલ ત્રણ મોબાઈલ પૈકી એક મોબાઈલ વીવો કંપનીનો ફોન પાલડી પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- 33/2018 ઈ.પી.કો કલમ 379, 114 મુજબના ગુનાના કામે ચોરી લઈ ગયેલ હોય જેથી સદરી આરોપીને સદર ગુનામાં તા.11/04/2018 ના કલાક 16/00 વાગે પકડી અટક કરેલ છે અને બાકીના બે મોબાઈલ વીશે હાલ તપાસ ચાલુ છે.

**મેઘાણીનગર પોલીસ સ્ટેશન :**

**મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમાં જુગાર ધામ પર રેડ કરી ૧૩ અરોપીને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ.**

અધીક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા ના.પો.ક.મી.શ્રી ઝોન-૪ સાહેબ નાઓની સુચનાથી તથા મ.પો.ક.મી.શ્રી જી ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ સિનિયર પોલીસ ઈન્સપેક્ટરશ્રી મેઘાણીનગર પોલીસ સ્ટેશન તથા સર્વેલન્સ સ્કવૉડના પો.સ.ઇ વી.એસ.સિંધવ તથા હે.કો.દિલીપકુમાર ઇશ્વરભાઇ બ.નં.૭૬૨૦ તથા હે.કો.દિનેશકુમાર મીઠાલાલ બ.નં.૭૬૧૧ તથા પો.કો:સંદિપભાઇ મંગાભાઇ બ.નં.૩૬૮૯ તથા એલ.આર. કિરણસિંહ ગોપાલસિહ બ.નં.૧૨૪૩ તથા પો.કો.વિષ્ણુભાઇ હિરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પો.કો.અશ્વિન નટુભાઇ બ.નં.૩૪૫૧ નાઓ પો.સ્ટે વિસ્તારમા દારૂ જુગારની પ્રવૃતિ શોધવા તથા અટકાવવા સારૂ પેટ્રોલીગમા હતા દરમીયાન સાથેના હે.કો.દિલીપકુમાર ઇશ્વરભાઇ બ.નં.૭૬૨૦ તથા હે.કો.દિનેશકુમાર મીઠાલાલ બ.નં.૭૬૧૧ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે મેઘાણીનગર કિસ્મતનગર રેલવેના પાટા પાસે મહાકાળી હેર આર્ટ નામની દુકાનની પાછળ આવેલ મકાનમાં આરોપી (૧) રામનિવાસ સુબેલાલ ઠાકુર ઉવ.૨૪ રહે.મ.નં.૧૦ મજમુદાર સોસાયટી જય અંબે સોસા. પાસે ભાર્ગવરોડ મેઘાણીનગર અ'વાદ શહેર + ૧૨ = ૧૩ નાને ગંજી પાનાનો હાર જીત નો જુગાર રમી રમાડી રોકડ નાણા રૂ. ૨૬,૧૯૦/- તથા (૨) મોબાઇલ નંગ- ૧૨ કિં.રૂ. ૨૪,૭૦૦/- (૩)ગંજી પાના નંગ– ૫૨ કિં.રૂ. ૦૦/૦૦. કુલ્લે મુદ્દામાલ કિ.રૂ. ૫૦,૮૯૦ સાથે તા-૧૧/૦૪/૨૦૧૮ ના કલાક- ૧૯/૪૫ વાગે ઝડપી પાડી તેઓ વિરૂધ્ધમાં સેક્ન્ડ ગુ.ર.નં-૩૦૭૯/૨૦૧૮ ધી જુગાર ધારા કલમ- ૪, ૫ મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે અને હાલ તપાસ જારી છે.

**ખોખરા પોલીસ સ્ટેશન :**

**લૂંટના નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી ખોખરા પોલીસ**

મે. નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઈ' ડીવીઝન અમદાવાદ શહેર નાઓ દ્વારા મિલ્કત સંબંધી ગુન્હા શોધી કાઢવા આપેલ સુચના આધારે પોલીસ ઈન્સ્પેકટરશ્રી. બી.જે. ઝાલા નાઓના માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે. સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.શ્રી. જી.કે. ચાવડાની બાતમી હકીકત આધારે ખોખરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરન-૧૮/૨૦૧૮ ઈપીકો કલમ ૩૯૪,૧૧૪ મુજબના કામે નાસતા-ફરતા આરોપી - ઈન્તજારએહમદ @ હગોડી સન/ઓ ફરીદએહમદ અન્સારી ઉ.વ-૨૭ રહે- મનં-૪૮૩/ હાજી ગફારની ચાલી ગંજુ ફોકની મીલની સામે અલઅમીન હોસ્પિટલની પાસે ગોમતીપુર અમદાવાદ શહેર નાને તા.૧૧/૪/૨૦૧૮ ના કલાક ૨૦/૩૦ વાગે પકડી અટક કરેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

"જે" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "જે" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.